ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ચૈત્રમાં આકાશમાંથી આગ વરસવાના ટાણે અષાઢી નઝારાથી આભ નિખર્યુ

**ગરમી અદ્રશ્ય : સવારે વરસાદી છાંટણા બાદ દિવસે વાદળિયા વાતાવરણના લીધે ગરમીનો પારો ૩ ડીગ્રી ગગડયો લાંબા સમયથી વિચિત્ર મોસમની અસરથી નગરનુ જનજીવન પ્રભાવિત**



ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં રોજબરોજ જોવા મળતા વાતાવરણ પલ્ટાની અસરથી નગરજનો પરેશાન છે. ચૈત્રમાં ગરમી આકાશે ચઢવાના દિવસોમાં નભમાં અષાઢી નઝારો નિખરે છે. આજે પણ સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા હતા જયારે દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. કાળા ડિબાંગ વાદળોની આકાશમાં અવરજવર રહી હતી. જયારે વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો પારો ૩ ડીગ્રી ગગડયો હતો. નગરજનો વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત છે.

ગાંધીનગરમાં છેલ્લા એક દોઢ મહીનાથી રોજબરોજ આકાશી નઝારો બદલાય છે. સવારે અને સાંજે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળે છે. જેના લીધે ગમે ત્યારે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા થતા ભીંજારાનો માહોલ જોવા મળે છે. શહેરમાં ભર ઉનાળે આજે પણ વરસાદી નઝારો નિખર્યો હતો. ચૈત્ર ટાંણે ગરમી આકાશે ચઢે તેના ઠેકાણે કાળા ડીબાંગ વરસાદી વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો સવારથી જ વાદળિયુ વાતાવરણ રહેતા ગરમી અદ્રશ્ય થઈ ગઈ હતી. આકાશમાં અંગડાઈ લેતા વરસાદી વાદળોના લીધે ગમે ત્યારે માવઠુ થશે તેમ સ્પષ્ટ થયુ હતુ પરંતુ આખો દિવસ વાદળિયા વાતાવરણના અંતે સાંજે પણ આકાશમાં વાદળો ગોરંભાયેલા રહ્યા હતા. જયારે સવારે વરસાદી છાંટણા થતા સેકટરોમાં સવારથી જ ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો વારંવાર વાતાવરણ પલ્ટાના લીધે નગરજનો વિચત્ર મોસમની અસરથી પ્રભાવિત છે. જયારે છેલ્લા બે દિવસથી ગરમીનો પારો માંડ એકાદ ડીગ્રી ઉપર આવ્યો હતો ત્યારે આજે સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો પારો ૩ ડીગ્રી નીચે ગગડયો હતો. જેના લીધે નગરજનોએ હીલ સ્ટેશન જેવા વાતાવરણનો અહેસાસ કર્યો હતો. આખો દિવસ આકાશમાં વરસાદી વાદળોની અવરજવર રહી હતી. જયારે સાંજના સમયે પણ વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. રજાના દિવસે વરસાદી વાયરા વચ્ચે પણ બપોરના સમયે નગરમાં સન્નાટો જોવા મળ્યો હતો. હવામાન તજજ્ઞોના મતે એપ્રિલ અને મે મહીનામાં આકરી ગરમી પડવાના સંકેતો છે. જયારે ગરમી સાથે વાદળિયા વાતાવરણ

● અનુસંધાન પાન-૭ પર

# કહેર : ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૧૬, શહેરમાં ૬ કેસ નોંધાયા

**શહેરના સરગાસણમાંથી ૨, કુડાસણ, રાંધેજા, સે. ૩-એ-ન્યુ અને સે. ૪ માંથી કેસ મળ્યા : ગ્રામ્યમાં ગાંધીનગર-કલોલમાંથી ૭-૭ તેમજ દહેગામ-માણસામાંથી ૧-૧ કેસ મળ્યો : કોરોનાનો પોઝીટીવીટી રેટ ૧ ટકા પર પહોંચ્યો : ૧૦૦થી વધુ એક્ટીવ કેસ સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે. શહેરમાં આજે નવા ૬ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૬ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાએ જે ગતિ પકડી છે તેથી તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૧ ટકા પર પહોંચ્યો છે. શહેર-જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ કેસો નોંધાયા છે અને હાલ ૧૦૦ જેટલા કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં વધી રહેલા કેસોને પગલે તંત્ર દ્વારા કરાયેલી તૈયારીઓ અંગે સમીક્ષા માટે ૧૦મીએ મોકડ્રીલનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. શહેર-જિલ્લામાં કોરોનાની ગાઈડલાઈનના પાલન માટે પણ તંત્ર દ્વારા આગામી દિવસોમાં પગલાં લેવામાં આવે તેવી સંભાવનાઓ રહેલી છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોએ જે ગતિ પકડી છે તેણે તંત્રની દોડધામ વધારી દીધી છે. તંત્ર દ્વારા પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાના દાવા કરતાં કહેવામાં આવી રહ્યું છે કે કેસો વધ્યા છે પણ છુટા છવાયા વિસ્તારમાંથી કેસો મળી રહ્યા છે. તંત્રએ ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કર્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૬ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં ૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૪ દર્દી ૨૦ કે તેથી ઓછી વયના છે. જિલ્લાના ચારેય તાલુકામાં આજે કેસો નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધી રહ્યુ છે. છેલ્લા એક પખવાડિયામાં ત્રીજીવાર ૧૫ કે તેથી વધુ કેસ નોંધાતા તંત્રની દોડધામ વધી જવા પામી છે. શ્રમિક વર્ગના કેસો વધી રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામ અને માણસામાં એક-એક કેસ તેમજ ગાંધીનગરમાં ૭ કેસ, કલોલમાં ૭ કેસ નોંધાયા છે. અંતરિયાળ વિસ્તારોમાંથી મળી રહેલા કેસોને લઈ તંત્ર ચોંક્યુ છે.

દહેગામમાં ટીંબાણી મુવાડી ગામેથી ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો માણસાના અલુવા ગામેથી ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં રૂપાલ અને સાદરા ગામેથી બે-બે કેસ મળી આવેલ છે. સાદરામાં આજે બે મહિલા દર્દી નોંધાયા છે. ૧૬ વર્ષીય શ્રમિક મહિલા અને ૨૦ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રૂપાલ ગામેથી પણ બે મહિલા દર્દીના કેસ મળ્યા છે. જેમાં ૫૧ વર્ષીય ગૃહીણી અને ૧૭ વર્ષીય શ્રમિક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ચેખલારાણી ગામેથી ૪૦ વર્ષીય મહિલા, માધવગઢ ગામેથી ૨૭ વર્ષીય યુવાન તેમજ ઉવારસદના જુના હોડકા વિસ્તારમાંથી ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેમાંય સાદરા તેમજ ઉવારસદ પી.એચ.સી. વિસ્તારમાંથી કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

કલોલ તાલુકામાં પણ આજે ૭ કેસ નોંધાયા છે. જેમાં કલોલ શહેરમાંથી, રણછોડપુરામાંથી બે કેસનો સમાવેશ થાય છે.

શહેરના અર્બન-૧ વિસ્તારમાંથી ૩૩ વર્ષીય મહિલા તેમજ ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રણછોડપુરામાંથી ૧૮ વર્ષીય યુવાન તેમજ લીમડીવાસમાંથી ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સઈજ જી.આઈ.ડી.સી.માંથી ૩૨ વર્ષીય પુરૂષનો, ગોલથરામાંથી ૫૦ વર્ષીય મહિલા, ડીંગુચામાંથી ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૬૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૨૫ લોકોને તંત્ર દ્વારા હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે. સર્વેલન્સની કામગીરી પણ સઘન રીતે કરવામાં આવે તેમજ શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દી જણાય તો ટેસ્ટીંગ કરવામાં આવે તેમ પણ જણાવવામાં આવ્યુ છે.

ગ્રામીણ વિસ્તારના ચારેય તાલુકામાંથી કેસો મળવાના શરૂ થયા છે. ગાંધીનગર અને કલોલમાંથી

● અનુસંધાન પાન-૭ પર

# જીલ્લામાં નવી જંત્રીના સર્વે માટેની તડામાર તૈયારીઓ : ૧૫ એપ્રિલ પછી ગમે ત્યારે સર્વે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં નવી જંત્રી માટેના સર્વેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને આ માટેની કવાયત પણ વેગીલી બની છે. આ સર્વેની કામગીરી લગભગ ૧૫ એપ્રિલ બાદ ગમે ત્યારે શરૂ થશે તેવા સંકેત મળી રહ્યા છે.

શહેર-જિલ્લામાં જંત્રીના સર્વે માટે તંત્રને સર્વેયરની જગ્યાઓ ઉભી કરી અને ફાળવણી પણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ૧૦-૧૦ ગામના કલસ્ટર બનાવી ગ્રીડ બનાવી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટે તાલુકાવાર ખાસ નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવશે તેમજ મામલતદારોના સુપરવીઝન નીચે સર્વેની ટીમો દ્વારા સર્વે કરવામાં આવશે. આ ટીમોના ગઠનની કામગીરી પણ આવતા સપ્તાહના મધ્યમાં પૂર્ણ કરી દેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં જંત્રીના સર્વે માટે ખાસ વેલ્યુઝોન બનાવવામાં આવશે. ગાંધીનગર શહેરની હદ વધતાં વેલ્યુઝોનની સંખ્યામાં પણ વધારો થશે આ વિસ્તારોમાં વેલ્યુઝોનને આધારે જંત્રીના દર નિયત કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે વેલ્યુઝોન કરવાની કામગીરી લગભગ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે. સર્વેયરની નિમણુંક બાદ ૧X૧ કિ.મી.ની ગ્રીડ બનાવી સર્વેની કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે ટીમોનુ ગઠન કરી દેવાયા બાદ ખાસ તાલિમનું આયોજન કરવામાં આવ્યુ છે.

જંત્રીના દર નિયત કરવા માટે તાલિમનું આયોજન પણ હાથ

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની નવી કચેરીમાં સોલાર પ્લાન્ટ કાર્યાન્વીત કરાયો

**વીજ બિલમાં રૂ. બે લાખની બચતનો અંદાજ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા બિલ્ડીંગમાં ૩૦૦ કિલો વૉટનો સોલાર પાવર પ્લાન્ટ આજથી કાર્યાન્વીત કરી દેવામાં આવ્યો છે.

મનપાના નવા બિલ્ડીંગમાં આ અંગેની સોલાર પેનલોના ફિટીંગની કામગીરી પૂરી થઈ ગઈ હતી પરંતુ તેના કનેક્શનની કામગીરી બાકી હતી. આજે આ પેનલોને ટોરેન્ટ પાવરમાંથી વીજ કનેક્શન મળી જતાં તે પ્લાન્ટ કાર્યાન્વીત થઈ ગયો છે.

મનપાની નવી કચેરીમાં અગાઉ ૫૦ મે.વો.ની સોલાર પેનલો લગાવવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે આજથી આ સોલાર પ્લાન્ટ કાર્યાન્વીત થતાં મનપાના વીજ બિલમાં રૂ. બે લાખનો ઘટાડો થશે.

મનપા દ્વારા જે સોલાર ટ્રી અને પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે તે પણ ઝડપથી કાર્યાન્વીત કરવામાં આવશે. આ માટે ઝડપથી વીજ જોડાણ મળે તે માટે સ્થાયી સમિતિના ચેરમેન જસવંત પટેલે ઉત્તર

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં ઠેર ઠેર ઉકરડાના ઢગ : કોમન પ્લોટમાંથી કચરાનો નિકાલ થતો નથી

**સેકટરોના કોમન પ્લોટ તેમજ માર્ગોની આસપાસ અગાઉ કચરાના કન્ટેઇનર મુકવામાં આવ્યા હતા તેવા ઠેકાણે હવે ખુલ્લામાં કચરો ખડકાય છે : કચરો ઉપાડવાની વ્યવસ્થાના અભાવે ગંદકી ખદબદતા સ્થાનિકોમાં રોષ**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરના સેકટરોમાં વરસાદી વાયરા વચ્ચે ઠેર ઠેર ઉકરડા જોવા મળી રહ્યા છે. સેકટરોમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા નિયમિત રહી નથી ત્યારે સેકટરોના કોમન પ્લોટ અને માર્ગોની આસપાસના વિસ્તારમાં પણ કચરાના ઢગ ખડકાયા છે. અગાઉ કચરાપેટી મુકવામાં આવી હતી ત્યાં હવે કચરાના કન્ટેઈનરો દુર કરી દેવાયા બાદ ખુલ્લામાં કચરો ઠલવાય છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા કચરો ઉપાડવાની કામગીરી પણ બંધ કરી દેવાતા સેકટરવાસીઓ ખદબદતી ગંદકી વચ્ચે તોબા પોકારી ગયા છે. વરસાદી વાયરા વચ્ચે સેકટરોમાં સમસ્યાઓ વધી છે ત્યારે ગંદકીના લીધે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધતા રહીશોમાં રોગચાળાઓના ખતરો મંડરાયો છે.

ગાંધીનગરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળે છે. સેકટરોમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા પણ નિયમિત રહી નથી જેમાં એક દિવસ કચરો ઉપાડવા વાહન આવે તો બે દિવસ કામગીરી ઠપ્પ થઈ જતા સેકટરોના રહીશોના આંગણામાં પણ કચરો યથાવત રહે છે. જયારે છેલ્લા એક મહીનાથી વરસાદી વાયરા વચ્ચે સેકટરોમાં આમ પણ ગંદકીનુ પ્રમાણ વધ્યુ છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં વૃક્ષોના સુકાયેલા પાંદડાનો ઢગ જોવા મળે છે. જયારે કચરાનો નિકાલ સમયસર ન થતા ઘણાં ઠેકાણે જાડીઓમાં કચરો સળગાવી દેવાની હરકતના લીધે હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. સેકટરોમાં સફાઈ વ્યવસ્થા પડી ભાંગી છે. જયારે શહેરની સોસાયટીઓના નાંકે પણ કચરાના ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. સેકટરોના કોમન પ્લોટમાં અગાઉ કચરો એકત્રિત કરવા માટે કચરાપેટીઓ મુકવામાં આવતી હતી જયારે આ કચરાના કન્ટેઈનરમાંથી નિયમિત કચરાનો નિકાલ પણ કરવામાં આવતો હતો. પરંતુ સેકટરોમાં કચરાના કન્ટેઈનરમાંથી કચરો ઉપાડવાની વ્યવસ્થા ખોરવાતા કચરાપેટી પાસે જ ઉકરડા અસ્તિત્વમાં આવતા હોવાની ફરિયાદો ઉભી થઈ હતી જેના લીધે તંત્ર દ્વારા કચરાપેટીઓ દુર કરવામાં આવી હતી. જેના અંતે હવે સ્થળ પર જ કચરાનો ઢગ થાય છે. જો કે અગાઉ કોર્પોરેશન દ્વારા સ્થળ પર વાહન મારફતે કચરો પણ ઉપાડી લેવાની કામગીરી નિયમિત થતી હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં આવા ઠેકાણે કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. સેકટરોના કોમન પ્લોટમાં પણ આવી જ સ્થિતિ થાય છે. ખાસ કરીને સે-૩ બી , સે-૩ સી અને સે-૪ તેમજ સે-૫ માં અનેક ઠેકાણે આ પ્રકારની સ્થિતિ જોવા મળે છે.

● અનુસંધાન પાન-૭ પર



આજરોજ વિશ્વ આરોગ્ય દિવસ - ૭ એપ્રિલ-૨૦૨૩ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા આરોગ્ય શાખા દ્વારા તમામ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ઉજવણી કરવામાં આવેલ. આ વર્ષનું વિશ્વ આરોગ્ય દિવસની થીમ 'તમામને માટે આરોગ્ય-હેલ્થ ફોર ઓલ' રાખવામાં આવેલ છે. જેને અનુલક્ષીને તમામ અર્બન હેલ્થ સેન્ટર ખાતે બિન ચેપી રોગો જેવા કે ડાયાબીટીસ, બીપી, કેન્સર તથા હૃદયના અન્ય રોગો માટે કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૭૫૮ લાભાર્થીઓએ લાભ લીધેલ. તેમાંથી ૨૬ ડાયાબીટીશના, ૩૧ બીપીના તથા ૧ શંકાસ્પદ કેમ્સરના નવીન કેસ મળેલ. તમામ દર્દીઓને સ્થળ પર સારવાર આપવામાં આવેલ તેમજ જરૂર પડ્યે તેઓને હાયર સેન્ટર ખાતે રીફર કરવામાં આવશે.

# જિલ્લામાં માર્ગ નિર્માણ, બાંધકામની કામગીરીમાં ગુણવત્તા જળવાશે

**હવે ૩ વર્ષના બદલે ૫ વર્ષ સુધી કોન્ટ્રાક્ટરે નિ:શુલ્ક જવાબદારી નિભાવાની કરવાની રહેશે**

બાંધકામ અને માર્ગ નિર્માણની કામગીરી ગુણવતા જળવાય તે માટે મહત્વના નિર્ણયો લેવાયા છે જયારે તમામ કામોમાં ગુણવત્તાની ચકાસવાની સૂચના આપવામાં આવી છે જયારે આ મામલે એવો નિર્ણય પણ લેવાયો છે કે માર્ગોના કામમાં નિયત કરેલી સમય મર્યાદા પહેલા રોડ તુટી જવાના કિસ્સામાં ફ્રી મેન્ટેનન્સ પિરીયડ અગાઉ ૩ વર્ષનો હતો તેમાં ફેરફાર કરીને ૫ વર્ષનો કરવામાં આવ્યો છે

શહેર જિલ્લામાં માર્ગ સુધારણા અને બાંધકામ સંબંધિત મજબુતીકરણના અનેકવિધ કામ હાથ ધરવામાં આવે છે. જેની કામગીરીમાં ગુણવતાને અનુલક્ષી હવે કાંઈ ચલાવી લેવાશે નહીં સંબંધિત વિભાગના સચિવની સીધી દેખરેખ હેઠળ વિભાગીય કચેરીઓને તેના માટે જવાબદાર ગણવા સાથે ચકાસણી કરવાની કામગીરી સોંપવામાં આવી છે સાથો સાથ રસ્તા કે મકાનના બાંધકામ ચાલુ હોય ત્યારે અને કામ પુરા થાય ત્યારે તપાસ કરીને કામની ગુણવતા સંબંધમાં સંતોષકારક, સુધારણાને અવકાશ અને બિન સંતોષકારક એમ ત્રણ રેટિંગ આપવાની પ્રથા લાગુ કરવામાં આવી છે. જેના આધારે જવાબદાર કોન્ટ્રાક્ટર સામે પણ પગલા લેવાશે

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બાંધકામ સંબંધિત મોટા પ્રોજેક્ટમાં તો સરકાર દ્વારા થર્ડ પાર્ટી ઈન્સપેક્શનને ફરજિયાત કરવામાં આવ્યું છે અલબત્ત કે બાંધકામ ક્ષેત્રની નિષ્ણાંત પેઢીઓ દ્વારા કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલા કામ દરમિયાન ઉપયોગમાં લેવામાં આવેલા મટિરીયલ સહિતની ચકાસણી કરવામાં આવે છે આ ઉપરાંત તેનો રિપોર્ટ પણ આપવામાં આવે છે તેના આધારે કોન્ટ્રાક્ટ રદ કરવા કે કોન્ટ્રાક્ટરને બ્લેક લીસ્ટ કરવા અને બિલની રકમ ચૂકવણી અટકાવવા સહિતની કાર્યવાહી પણ થઈ શકે છે જયારે માર્ગોને અનુલક્ષી સરકારની મહત્વાકાંક્ષી એવી યોજના મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત નબળી કામગીરી અને સમય મર્યાદા પહેલા માર્ગમાં ભંગાણ થવાના કિસ્સામાં ફ્રી મેન્ટેનન્સનો સમયગાળો ૩ વર્ષના બદલે લંબાવીને હવે ૫ વર્ષ કરી દેવામાં આવ્યો છે અધિકારીઓએ જણાવ્યા મુજબ પાંચ વર્ષ સુધી નિ:શુલ્ક કામ કરવાની જવાબદારી પણ કોન્ટ્રાક્ટરની રહેશે.

MHLC 01-001281-2022

**जाहिर नोटीस**

जावक क्र. ५०४७/२०२३
कामगार न्यायालय, मुंबई
नवीन प्रशासकीय इमारत,
तळ मजला, शासकीय वसाहत,
वांद्रे (पूर्व), मुंबई - ४०००५७
दिनांक : ३०/०३/२०२३

कर्माचारी भरपाई आयुक्त, मुंबई और १०वे कामगार न्यायालय, मुंबई
श्रीम. एन. एस. आणेकर, इनके सामने
अर्ज (नुकसान भरपाई अर्ज) क्र. २०१ / सी-४९/२०२२

Mr. Paghu Ram Prabhu Dayal Choaurasiya.
3rd Lane,Darukhana, Byculla, Mumbai 37 ...आवेदक

विरूद्ध

**M/s. VIDHI SALES**
B/302, Pramukh Milan Samarwani
Silbasa, UT of Dadra Nagar Havel,
And Daman Diu - 396 230
**and**
**ROYAL SUNDARAM GEN. INS. CO. LTD.**
"Delphi" "C" Wing, 2nd Floor,
201-204, Hiranandani Business Park,
Powai, Mumbai - 400076 ...प्रतिवादी

**सूचना**

इस सुचना के द्वारा अवगत किया जाता है की, उपर दिये गये आवेदक का काम करते समय दि. ५/०७/२०२१ को दुर्घटना में गंभीरस्वरुप में जख्मी हो गये। इसलिए आवेदकने रू. १५,५९,८५०/- इतनी नुकसान भरपाई की रक्कम के लिए श्रमिक भरपाई आयुक्त व मा. न्यायाधीश ९ वे कामगार न्यायालय, मुंबई यहा पर अर्जी दाखिल कि है। प्रतिवादी क्र. ७ का पता न मिलने के अभाव कारण उनको नोटिस नही दी गई.

इसलिए **Mr. Paghu Ram Prabhu Dayal Choaurasiya. 3rd Lane, Darukhana, Byculla, Mumbai - 400 037** प्रतिवादी क्र. ७ इनको अतः इस सुचना तहत अवगत किया जाता है की, आप अथवा आप के तरफ उपस्थित वकील अथवा अधिकृत प्रतिनिधि द्वारा मा. न्यायाधीश ९ वे कामगार न्यायालय इनके सामने **दि. २०/०४/२०२३** को सुबह **११.००** बजे उपस्थित रहे।

अगर उपर नमुद किए हुए दिनांक को न्यायालय मे उपस्थित नही रहे तो मा. न्यायालय आपके अनुपस्थिती मे दावा चलाकर योग्य वो आदेश किए जायेगे, यह आप ध्यान रखे।

दिनांक : २४/०३/२०२३ तहत हस्ताक्षर शिक्का सहीत हस्ताक्षर कि गयी है।

शिक्का

आदेशावरून
सही/-
सचिव
कामगार न्यायालय, मुंबई

jyc 23/03/23

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff
TILE & STONE FIXING EXPERT

Birla White
THE WHITEST WHITE CEMENT

VINAYAK 500
ટી.એમ.ટી. સળીયા

જગદીશ
સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ટચૂકડી જાહેર ખબર દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com